❖ પ્રકાશક ❖

પ્રમુખ

**શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ**

નારેશ્વર - ૩૯૩ ૧૦૭.

**❖ સર્વહક્ક પ્રકાશકને સ્વાધીન ❖**

| | |
|---|---|
| આવૃત્તિ ૧લી વિ. ૨૦૫૧ પ્રત | : ૫૦૦૦ |
| આવૃત્તિ ૨જી વિ. ૨૦૫૨ પ્રત | : ૪૦૦૦ |
| આવૃત્તિ ૩જી વિ. ૨૦૫૩ પ્રત | : ૫૦૦૦ |
| આવૃત્તિ ૪થી વિ. ૨૦૫૬ પ્રત | : ૨૦૦૦ |
| આવૃત્તિ ૫મી વિ. ૨૦૫૮ પ્રત | : ૨૦૦૦ |
| આવૃત્તિ ૬ઠ્ઠી વિ. ૨૦૫૯ પ્રત | : ૨૦૦૦ |
| આવૃત્તિ ૭મી વિ. ૨૦૬૨ પ્રત | : ૨૦૦૦ |
| આવૃત્તિ ૮મી વિ. ૨૦૬૩ પ્રત | : ૨૦૦૦ |
| | ટોટલ : ૨૪૦૦૦ |

મૂલ્ય : રૂા. ૬૦/-

પ્રકાશન : વૈશાખ વદ ૪ વિ.સં. ૨૦૬૩
તા. ૩-૫-૨૦૦૭

❖ મુદ્રક ❖

**હેમ પ્રિન્ટીંગ પ્રેસ**

૪, લબ્ધી ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ,
રણમુક્તેશ્વર રોડ, પ્રતાપનગર વડોદરા.
ફોન : ૦૨૬૫-૨૫૮૦૨૪૪, ૬૫૪૧૬૧૩

# નિવેદન

(પાંચમી આવૃત્તિનું)

શ્રી રંગલીલામૃત ની ૩ આવૃત્તિઓમાં ૧૪૦૦૦ જેટલી નકલો અવધૂત પરિવારમાં ફરતી થઈ ગઈ છતાં એની માગ ઉત્તરોત્તર વધતી જ જાય છે તે આ ગ્રંથ ઔપાસનિક ષ્ટિએ થતા પારાયણોની દ્યોતક છે. પરિવાર જનોને સુલભ બને એ ષ્ટિએ નવી આવૃત્તિ પ્રગટ કરી છે.

વિદ્વાનોએ વાંચતાં ક્યાંક ક્યાંક પ્રાસ ફરીથી મેળવવા જોઈએ એમ તેમનાં સૂચના આવતાં ત્રીજી આવૃત્તિમાં જ એ સુધારેલા તેથી સમૂહમાં મોટેથી ગાન કરનારા થોડા મૂંઝવણમાં મૂકાયા. પણ અર્થની ષ્ટિએ કંઈ ફેર ન પડતો હોવાથી એ ક્ષમ્મ ગણવા વિનંતી છે, એવા એક બે શબ્દો પણ બદલ્યા છે.

શ્રી રંગલીલામૃત માટે દાન આવતાં જ રહે છે. આ વખતના દાતાઓની યાદી અન્યત્ર છાપી છે.

સ્વ. ગોવિન્દભાઈની સ્મૃતિમાં પોરમાં એક હૉલ તથા શૈલનું નિર્માણ થઈ રહ્યું છે. તેમની તા. ૨૯-૫-૨૦૦૦ ના રોજ ગયેલી પુણ્યતિથિ પર અનેક લોકોએ હાજર રહી અંજલિ અર્પી ને લાખેક રૂપિયાનાં દાન જાહેર થયાં તે સ્વ. ગોવિન્દભાઈ પ્રત્યેનો લોકોનો ભાવ બતાવે છે.

– પ્રકાશક

(પહેલી આવૃત્તિમાંથી)

શ્રી ગોવિંદભાઈ તથા એમના કુટુંબીજનોનો ભાવ એવો ઉદાત્ત છે કે આ ગ્રંથનિમિત્તે મળેલી તથા પોતે કરેલી શ્રી ગુરુલીલામૃતની કે રંગલીલામૃતની કથાઓમાં પ્રાપ્ત થએલી રકમ પણ આ ગ્રંથમાં વપરાયેલ કાગળ માટે સમર્પિત કરી દીધી એટલું જ નહિ પણ સમગ્ર ગ્રંથ જ. પૂ. શ્રી સ્થાપિત શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશકને ટ્રસ્ટને હવાલે કરી દીધો !

**નારેશ્વર ૧૯-૧૦-૯૪** **જયંતીલાલ શં. આચાર્ય**

❖❖❖❖

## નિવેદન આઠમી આવૃત્તિનું

પૂ. શ્રી. રચિત શ્રીગુરુલીલામૃત ગ્રંથ પ્રાકટયનું આ પંચોતેરમું વર્ષ છે તે વર્ષમાં શ્રી ગુરુલીલામૃત સાથે શ્રી રંગલીલામૃતની નવી આવૃત્તિ કાઢવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે તેમાં પૂ.શ્રી.ની જ અલૌકિક લીલાનું દર્શન થાય છે.

આ ગ્રંથની માગણી રંગભક્તોએ કર્યા કરી અને એક ધન્ય પળે પૂ.શ્રીએ સ્વ.શ્રી. ગોવિંદભાઇ ઉપાધ્યાયને પ્રેરણા કરી કે 'લખી તો જો ! ' શ્રી ગોવિંદભાઇ વિનમ્રતાપૂર્વક ના કહ્યા કરતા પણ પૂ.શ્રીએ પ્રેરણા કરતાં તે લખતા ગયા અને ગ્રંથ વધતો જ ગયો. છપાતાં પહેલાં જ તેની કથાઓ શ્રી ગોવિન્દભાઇ કરતા ગયા અને લોકોએ એમને છાપવા માટે દાન આપી પ્રોત્સાહિત કર્યા.

સ્વ.ગોવિન્દભાઇએ એ બધી જ રકમ પ્રથમ આવૃત્તિના કાગળ માટે આપી એટલું જ નહીં એ સમગ્ર ગ્રંથ જ અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ નારેશ્વરને સમર્પિત કર્યો. ટ્રસ્ટને પણ એની દરેક નવી આવૃત્તિ વેળા શ્રી રંગ પરિવાર તરફથી આર્થિક સહાય મળતી રહે છે. છતાં શ્રી ગુરુલીલામૃત અને શ્રી રંગલીલામૃત અત્યાર સુધી એક જ કિંમતે અપાયા કર્યા. પરંતુ કાગળ તો મોંઘો થતો જ જાય છે તેથી આ વખતે એ ઉભય ગ્રંથોની કિંમતમાં ન છૂટકે વધારો કરવો પડયો છે.

પ્રથમ આવૃત્તિ વેળા સૂરતના શ્રી ગુરુદેવ આશ્રમના અધિષ્ઠાતા વંદનીય રાષ્ટ્રસંત વિશ્વનાથ અવધૂતજીએ આર્શિવચન આપતાં લખેલું કે ''નારેશ્વરના નાથના ओमित्येकाक्षरं ब्रह्म ની પરમોપાસના આ મહામાનવ બોધ - નર્મદાના સાંનિધ્યમાં પ્રત્યક્ષ, પરોક્ષ અને અપરોક્ષ અનુભૂતિપૂર્ણ વિલસે છે. લેખકે પણ આ પુણ્યભૂમિની પ્રશંસા કરી છે અને તેમણે એક શબ્દમાં કહ્યું :- '' સ્મરી સ્મરી અવધૂતને રોમ હર્ષ થઇ જાય '' ભાવુક ભક્તોએ જે જે અનુભવ્યું તેને ગ્રંથસ્થ કરી પ્રગટીકરણ કર્યું છે. તેમનો પ્રયાસ સ્તુત્ય છે.''

પરિવારના કેટલાક ભક્તોને એમ લાગતું હતું કે શ્રીરંગલીલામૃત પ્રગટ કરવાથી શ્રી ગુરુલીલામૃતને કોણ વાંચશે ? પરંતુ આપણે જોઇએ છીએ કે ઉભય ગ્રંથના પાટા પર રંગ પરિવારની ગાડી દોડી રહી છે.'' એની લીલા અપરંપાર ગાતાં કદી ન આવે પાર, સૂણતાં થાશે બેડો પાર ! '' એ પૂ.શ્રીના કથનાનુસાર દત્ત રંગ પરિવારના ભક્તો ચાલ્યા છે અને તેમનો બેડો પાર જ છે !

આ આવૃત્તિ વેળા પણ શ્રીરંગ પરિવારના સદસ્યોએ આર્થિક સહાય કરી છે જેમનો આભાર ઉલ્લેખ કરતાં આનંદ થાય છે.

શ્રી રંગ ઓફસેટ પ્રેસના માલિક ભક્ત હૃદયી શ્રી રમેશભાઇ પવાર તથા તેમના સુપુત્ર જીતુભાઇનો આભાર માન્યા વિના નિવેદન અધુરું જ રહે !

સાહિત્ય પ્રકાશન માટે હૃદયથી પ્રયાસ કરનાર દોડાદોડી કરી બધું સંભાળનાર શ્રી નિરંજન પાઠક આદિનો પણ આભાર.

### દાતાઓની યાદી

સર્વશ્રી

| | | |
|---|---|---|
| (૧) | નિરંજન મોહનલાલ પાઠક , વડોદરા. | ૩૩૩૩૩/- |
| (૨) | શંકરલાલ ઇચ્છારામ ભટ્ટ<br>હસ્તે શ્રી ભગવતપ્રસાદ ભટ્ટ, અમદાવાદ. | ૫૦૦૧/- |
| (૩) | ગૌતમભાઇ કૃષ્ણભાઇ ભટ્ટ, યુ.એસ.એ . | ૫૦૦૦/- |
| (૪) | મનીષભાઇ દિનેશભાઇ જાની,યુ.એસ.એ. | ૧૦૦૫/- |
| (૫) | ડો.કિરીટભાઇ એલ. ભટ્ટ , અમદાવાદ. | ૧૦૦૧/- |
| (૬) | ભરતભાઇ રમેશભાઇ પટેલ, ઉતરાજ. | ૫૦૧/- |
| (૭) | નીલ નવનીતલાલ ગાંધી, નવસારી. | ૫૦૧/- |
| (૮) | અનિલકુમાર રજનીકાન્ત સૂરતી, નવાપુર. | ૪૦૧/- |
| (૯) | સુહાસિનીબેન મહેતા , વડોદરા. | ૨૫૧/- |
| (૧૦) | સરયૂબેન દેસાઇ , સૂરત. | ૨૫૧/- |
| (૧૧) | ભરતભાઇ લાખાણી, અમદાવાદ. | ૧૦૧/- |
| (૧૨) | જસવંતરામ સી. ભટ્ટ, વઢવાણ. | ૧૦૧/- |

**- પ્રકાશક**

# શ્રી રંગ લીલામૃત

**રાષ્ટ્રીય સંત પરમ વંદનીય શ્રી વિશ્વનાથ અવધૂતજી**

(શ્રી ગુરુદેવ અવધૂત આશ્રમ, રામનગર, સુરત - ૩૯૦ ૦૦૫) ના

## શુભાશીર્વાદ

॥ શ્રી ગુરુદેવઃ પ્રસન્નોઽસ્તુ ॥

પરમ શ્રદ્ધેય આત્મ સ્વરૂપ ભાઈશ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાયને શ્રી ગુરુદેવ દત્તસ્મૃતિ.

શ્રી ગુરુદેવ પરમાત્માની અસીમ કૃપાથી પરમ પૂજ્ય બાપજીની ભૂતલ પરની અનેક લીલાઓ અંકિત કરીને શ્રી રંગલીલામૃત ગ્રંથ ધર્મના ઊંડા અને મહામૂલ ચિંતનથી ધર્મમહિમા સુપેરે વર્ણવવાનો આપશ્રીએ મહામૂલો પ્રયત્ન કર્યો છે. અંતઃકરણપૂર્વક મારા આત્મિક સ્વજન સમજી આપશ્રીને ધન્યવાદ સાથે ધર્મના રત રહેવા માટે શુભસંદેશ પાઠવું છું.

## શુભસંદેશ

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ બાપજીના અસંખ્ય પ્રસંગોને કવિતારૂપી પુષ્પગુચ્છમાં ગૂંથીને મધૂરી મહામૂલી પુષ્પાંજલિ અર્પી છે. આ ગ્રંથમાં દત્તપુરાણનો ઉલ્લેખ કરી શ્રી ગુરુદત્તાત્રેય ભગવાનની અસીમ શક્તિ-ભક્તિ અને પ્રાણીમાત્રને મુક્તિનો ઉદાત્ત પરિચય કરાવ્યો છે. પરમ પૂજ્ય બાપજીએ જે મહામૂલા ગ્રંથો પ્રકાશિત કર્યા છે તેનો ઉદાત્ત પરિચય આ ગ્રંથમાં અનાયાસે મળે છે. તેમનું રોચક અને ભાવગમ્ય શૈલીમાં વર્ણન કર્યું છે. પૂજ્ય બાપજીએ દત્તભગવાનની મહાશક્તિનું વર્ણન સર્વત્ર કરે છે; તેમનું શ્રી ગુરુલીલામૃત આજે પણ પથ ભૂલેલ માનવીને માર્ગ બતાવી રહ્યું છે. એનું પારાયણ કરી વક્તા શ્રોતા બંને ભાવસાગર તરી જાય છે. તેમનો આ પવિત્ર ગ્રંથ યાવચ્ચંદ્રદિવાકરૌ બની રહેશે. નારેશ્વરની પવિત્ર ભૂમિના સાન્નિધ્યમાં આનું નિર્માણ થયું છે. અને પરમ પૂજ્યશ્રી ગુરુદેવ બાપજીની અસીમ કૃપા આપશ્રીને પ્રાપ્ત થઈ છે.

ગુરુભક્તકે મુખસે સદા ઝરતે શ્રુતિસ્મૃતિ વેદ હૈ ।
છહ શાસ્ત્ર અરુ સદ્ગ્રંથ સબ, સ્ફૂરતે ઉસે હી અભેદ હૈ ॥
જાના ન પડતા સીખને, પઢની ન પડતી પોથિયાઁ ।
સેવા ગુરુકી જો કરે, ઉસને સભી તીરથ કિયા ॥૧॥
ગુરુવાક્ય હી હૈ મંત્ર-જપ-તપ, યજ્ઞયાદિક સભી ।
ગુરુદેવ સબસે શ્રેષ્ઠ હૈં, યહ માનતે દેવાદિ ભી ॥
ગુરુદેવ નહીં હૈ જાત ભી, ના પથ ભી, ન દેહ ભી ।
ગુરુ ગ્યાન હી અપરોક્ષ હૈ, અનુભવ ખજાના હૈ સભી ॥૨॥

"લહરકી બરખા"
વંદનીય રાષ્ટ્રસંત, ગુરુકુંજ આશ્રમ

નર્મદાતટ પરની આ પાવનમયી ભૂમિ નારેશ્વરથી અંકિત બની ભૂમંડળને તેમ સમસ્ત ગુજરાતમાં ભક્તોના હૃદયમાં પ્રાણ પૂરી રહી છે. માનવસેવાનું કેન્દ્ર બની ગઈ છે. જ્ઞાનની જ્વાળા પણ ત્યાંથી ઉદ્ગમ થઈ રહી છે. જેણે નારેશ્વરમાં જઈ નર્મદાનજીમાં સ્નાન કે દર્શન કર્યું છે તેનું જીવન ધન્ય છે. તેથી નારેશ્વરની નિકુંજ નર્મભક્તિનો ખ્યાલ આવે છે.

બીજું, આ ગ્રંથમાં લેખકે ભક્તિમહિમા ગાયો છે. તેમજ ભક્તિ કોને કહેવી, ભક્તિમાં કેવી રીતે ઓતપ્રોત બનવું તેનું સવિસ્તર, વિસ્તારપૂર્વક દૃષ્ટાંત આપીને વર્ણન કરેલું છે. લેખકની કવિત્વશક્તિમાં ભાવુકતા સર્વત્ર ભાસે છે.

સંત માટે લેખકની મનોવ્યથા કેવી છે તે જોઈએ :

**"જગદુઃખ હરી સંતનું એકૈક હલન ચલન,**
**જનકલ્યાણ કરી રહ્યું અવનિ પર ક્ષણક્ષણ.**
**માટે સંતો ભૂવિષે હરતા ફરતા દેવ."**

# શ્રી રંગ લીલામૃત

અહીં સંતમહિમાનો પ્રભાવ લેખકે બતાવ્યો છે. સંતની કૃપા વગર શાશ્વત શાંતિ મળતી નથી. સ્થાવર કે જંગમ તીર્થ સંતોના ચરણોમાં રહ્યાં છે. માટે કહ્યું છે :

**॥ સાધુના દર્શનં પુણ્યં, તીર્થભૂતા હિ સાધના ॥**

આ મહિમાનો સાક્ષાત્કાર તેમણે કરાવ્યો છે.

પ્રસ્તુત ગ્રંથમાં બાપજીના અસંખ્ય ભક્તોના પ્રસંગોનો ઉલ્લેખ કર્યો છે. દત્તબાવનીથી બધાના દુઃખો દૂર કર્યાં છે. એ વર્ણનમાં સાચી ભક્તિનો રસ ટપકે છે. શ્રદ્ધાની સાંકળ એજ સાચી સાંકળ ગણી શકાય. ભક્તોના અસંખ્ય પ્રસંગોથી ''શ્રી રંગલીલામૃત'' ભરેલું છે. નર્મદાનાં મંદ મંદ ગતિએ વહેતાં નીર એમના હૃદયમાં અનેરો આનંદ ભરી દેતાં હતા. વૃક્ષોની ઘટા અને રમ્ય તટોપવન પરમ પૂજ્ય બાપજીને અનંતની અખંડ સમાધિમાં લીન બનાવી દે છે. બાવન અધ્યાય સુધી આ બધી લીલાનાં દર્શન થાય છે. જીવન મુક્ત બની જાય છે.

ત્રીજી વાત આ ગ્રંથમાં એ છે કે અલખનિરંજનની કથામાં લેખક જન્મમરણના બંધનમાંથી મુક્ત કરવા જણાવે છે. ગરીબો પ્રત્યે પરમ પૂજ્ય બાપજીનું હૃદય પ્રેમસભર હતું તેથી ગરીબોને સર્વસ્વ આપવા તૈયાર રહેતા હતા. કોઈ પણ ધર્મના મહાનુભાવ હોય તો પણ તેમની કૃપા થતી જ હતી. પ્રાણીમાત્રનાં કષ્ટ દૂર કરવા એઓશ્રી તત્પર રહેતા હતા. ભક્તોનાં કષ્ટ ક્યારેક પોતે સ્વીકારી શરીરને દુઃખી બનાવતા હતા. શ્રી દત્તબાવનીની રચના પણ પ્રાણીમાત્રનાં કષ્ટો દૂર કરવા માટે જ કરી હતી. દત્તબાવનીએ લોકોને મૃત્યુના મુખમાંથી ઉગાર્યા હતા. દત્તબાવનીની ધૂનથી કાળ પણ કંપી જતો અને જ્યાં દત્તબાવની થતી હોય ત્યાંથી ભાગી જતો. આવી રીતે પરમ પૂજ્યશ્રી બાપજીએ અસંખ્ય માનવમાત્રને પ્રશસ્ય માર્ગ બતાવ્યો છે. સચ્ચિદાનંદમગ્ન બની તેમણે મહાસિદ્ધાવસ્થા દ્વારા જગતકલ્યાણ કર્યું છે અને હરિના દ્વારે આ નશ્વર દેહનો ત્યાગ કરી પરમ પદને તેઓશ્રી પામ્યા. આ બધી વસ્તુનું નિરૂપણ ખૂબ જ ગંભીરતાપૂર્વક કવિતાની અંદર શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાયે કર્યું છે. શ્રી રંગલીલામૃત ગુજરાતી ભાષામાં અમર બની રહેશે; કારણ કે ગ્રંથની પ્રત્યેક પંક્તિમાં ભાવુકતા ટપકે છે.

નારેશ્વરના નાથની ओमित्येकाक्षरं ब्रह्म ની પરમોપાસના આ મહામાનવ-બોધ-નર્મદાના સાંનિધ્યમાં પ્રત્યક્ષ, પરોક્ષ ને અપરોક્ષ અનુભૂતિપૂર્ણ વિલસે છે. લેખક પણ આ પુણ્યભૂમિની પ્રસંશા કરી છે અને એમણે એક શબ્દમાં કહ્યું :

**''સ્મરી સ્મરી અવધૂતને રોમહર્ષ થઈ જાય''**

આ શબ્દ સાથે તેઓ વિરત થાય છે.

ભાવુક ભક્તોએ જે જે અનુભવ્યું તેને ગ્રંથસ્થ કરી પ્રગટીકરણ કર્યું છે. તેમનો પ્રયાસ સ્તુત્ય છે.

मेरे परम पावन गुरु ही इष्ट हैं मेरे लिये ।
मै भिन्नता नहीं मानता, गुरुदेव ईश्वरके लिये ॥
बल्कि मेरा अस्तित्व ही उनकी ही लहरें हैं सदा ।
''त्वं पद'' और ''तत्पद'' एक हो, ''असि पद'' ही होता सर्वदा ॥

''वंदनीय राष्ट्रसंत'' गुरुकुंज आश्रम ।

'તપસી' તત્ત્વમસિ એ દેવ, બોલો જય જય શ્રીગુરુદેવ ॥ (દત્તબાવની)

શ્રી ગુરુદેવના મહિમાનો પ્રચાર થશે. તેમને મારા શુભ અભિનંદન છે. આ કળિકાલમાં એમણે ભકિતનો મહિમા ગાયો માટે તેઓ ભગવદ્ ભકિતમાં ઓતપ્રોત બને.

આ ગ્રંથ વાંચી, પારાયણ કરી પોતાના જીવનને ઉન્નતિના માર્ગ પર લઈ જાય તો એમનો પ્રયાસ સ્તુત્ય ગણાશે.

શ્રી સમર્થ ગજાનન મહારાજની કૃપા એમના પર બની રહે એવી શુભકામના.

''॥ सर्वे सन्तु सुखिनः ॥
॥ इति शम् ॥

**- ભવદીય**
**ૐ શ્રી વિશ્વનાથ અવધૂત**
**તા. ૨૮-૭-૯૪ ગુરુવાર**

ૐ

જય અવધૂત ।

# ઉપોદ્‌ઘાત

**વં**દન સદ્‌ગુરુ ચરણમાં કરી કહું એક વાત;
લખાવનારો સદ્‌ગુરુ નિમિત્ત મારો હાથ.

**દુ**ષ્કર વસ્તુ વિશ્વની સુલભ્ય પળમાં થાય;
કૃપા કરે ગુરુદેવ તો, તરણું મેરૂ થાય.

**સ**કળ સંપત્તિ વિશ્વની, ભલેને ભેગી થાય;
કૃપા વિના ગુરુદેવની, સઘળું નિષ્ફળ જાય.

**દ**યા, દાન ને દમનનો, અમૂલો ઉપદેશ;
દેવા જગને પ્રગટ થયા, પરબ્રહ્મ ગુરુવેષ!

**ગુ**રુકૃપા એક શિષ્યની, મંગલકારી જાણ;
એ વિણ સંપત વિશ્વની, તરણા સમ નિષ્પ્રાણ !

**રુ**દન-હાસ્યના દ્વંદ્વથી, સભર ભર્યો સંસાર;
રાગ-દ્વેષની જાળથી, સદ્‌ગુરુ તારણહાર.

**રં**જ નિવારે શિષ્યનો, લગાવી ભક્તિરંગ;
દુષ્ટ વાસના દૂર કરે, ધન્ય ! સદ્‌ગુરુ રંગ !

**ગ**રવી આ ગુજરાતનું, ગૌરવ રંગ અવધૂત;
રેવાતટ નારેશ્વરે, બિરાજે રુકુમાસુત.

**ને**હ ભરેલાં નયનથી, અખંડ આશિષધાર;
વરસાવે ભકતો પરે, અમૃત અનરાધાર.

**જ્ઞા**ન-ગંગા વહેતી રહે, વાતવાતમાં જાણ;
ભાગ્યવંત ભક્તો હરે, પાપ, તાપ, કરી સ્નાન.

**ના** બોલે મુખથી બહુ, રાખે મૌન અત્યંત;
તોયે સંશય શિષ્યના, દૂર કરે ભગવંત.

**મૃ**ત-સંજીવન મંત્ર જો, દીધો હા અણમોલ;
"શ્વાસે-શ્વાસે હરિ સ્મરો," કરશો સૌ કલ્લોલ !

**ત**ત્ સ્વરૂપે લીન થઈ, મહાલે આત્માનંદ;
પ્રસન્નમુખ પ્રસૂન સમ, સ્વયં આનંદકંદ.

**પા**ર્થિવદેહે વિચર્યા, કરવા જગકલ્યાણ;
"પરસ્પરદેવો ભવ" તણા, કીધી મંત્રની લ્હાણ !

**ના**મ-નામીના ભેદનો, ટાળ્યો ઘન-અંધાર;
સર્વ-સમન્વય-સૂર્યનો, પ્રસરાવ્યો અંબાર.

**ર**વિ-રશ્મિ સમ વિશ્વને, દીધો દિવ્ય પ્રકાશ;
અજ્ઞ-ધ્વાન્ત નિવારીને, કીધો જ્ઞાન-ઉજાસ.

**અ**જ, અક્ષય, અવિનાશી જે, નિર્ગુણ નિરાકાર;
ભક્તન કાજે સગુણ થઈ, ધરે દિવ્ય અવતાર.

**જ્ઞા**ન-પ્રપા ચાલુ કરી, અદ્વૈતામૃતપાન;
ધન્ય ! કરાવ્યું શિષ્યને, તૃષાતુર જે માન.

**નાં**દીમંગલ શું કરું ? નથી લખ્યું મેં જાણ;
લખાવનારો સદ્‌ગુરુ, હું મૂરખ નાદાન !

**ધ**ર્મતત્ત્વ હું ના લહું, નહીં શાસ્ત્રનું જ્ઞાન;
છંદ, તાલ, માત્રાતણું, નથી જરાયે ભાન.

**નિ**મ્ન કક્ષાનો અતિ, બાળક હું નિર્ધાર;
કેવળ સદ્‌ગુરુ-ચરણનો, એક માત્ર આધાર.

**વા**ત-વાતમાં એક દિ, કપડવંજની માંહ્ય;
પરમભક્ત ધનશ્યામની, મેડીએ બેઠો ત્યાંય.

**રી**ત વિવેકની રાખીને, વદે ગુરુબંધુ શાહ;
ઈન્દ્રવદન નામે તિહાં, બેઠા જે સોત્સાહ !

**ને**ણ વિકાસી પૂછતાં, "અવધૂત લીલાગાન
કરતો ચોથો ભાગ જો, લીલામૃતનો માન;

**ક**હો લખાશે કે નહિ, કદી કોઈથી આંહ્ય ?
જેથી ભવિષ્ય-પેઢીને, "રંગ" ની ઝાંખી થાય"

**રો**કાયા કંઈ વાર એ, પૂછી પ્રશ્ન જો એમ;
ઉત્તર મેળવવા કરી દૃષ્ટિ સહુપર તેમ !

**જ્ઞા**ની દાની ભક્તજન, કવિ સાથે સૌ આમ;
ઉત્તર આપે શી રીતે ? ગણતા અઘરું કામ !

**ન**મ્ર વચને એક ભક્ત, આપે ઉત્તર ત્યાંય;
"કૃપા કરે ગુરુદેવ તો, એ પણ લખાઈ જાય!

**ઝ**લક જગાવી જ્ઞાનની, નિમિત્ત કરશે રંગ"
કહીને આવ્યો પોરમાં, ગાતો રંગ- અભંગ !

**'ળ'** ભલે ના કોઈનો, થાશે તારો જાણ;
લખી જો એમ સ્વપ્નમાં, પ્રેરે રંગ સુજાણ.

**કા**ગળ શોધી કલમ લઈ, તે રાતે નિર્ધાર;
લખવા બેઠો, લખાઈ ગયા, દોહા દશથી બાર.

**ર**જની જતાં સવારમાં, લખતાં લખતાં જાણ;
આગળ આગળ સ્ફુરતું, રંગ-પ્રેર્યું લખાણ !

**યો**ગ-માર્ગ-પ્રવર્તક, યોગીશ્વર અવધૂત;
કૃપા કરે જો ભક્ત પર, લખાય કેમ ના તુર્ત ?

**ગી**ત ગગનમાં ગાજતાં, જેનાં હરદમ આજ;
ધન્ય કૃપા અવધૂતની, નારેશ્વર વનરાજ.

**શ્રા**દિનની ચિંતા નહિ, ભૂલી જઈ ભૂતકાળ;
વર્તમાને મોદથી, મહાલે રંગ દયાળ.
**ર**વિ સમ આવ્યો ભૂપરે, દેવા જ્ઞાન પ્રકાશ;
હૃદય-કમળ હા ! કંઈકનાં, વિકસાવ્યા, અવિનાશ !
**અ**સ્તિ, ભાતિ, સર્વમાં, ભાસે એજ પ્રકાશ;
વિરલો ભાળી મહાલતો, ગુરુભક્ત કો' ખાસ.
**વ**સુંધરાના ફલક પર, નિત નિત લીલા થાય;
જલબુદ્-બુદ્ સમ માનવી ક્ષણ આવે, ક્ષણ જાય.
**ધૂ**મ દેખતાં વહ્નિની ઉપસ્થિતિ વરતાય;
સંત-દર્શને તેમ જો, ઈશ્વાર-દર્શન થાય.
**ત**રણોત્તર સંસારમાં, એક સંતનો સંગ;
માટે સાચા સંતને, સેવો ધરી ઉમંગ.
**ને**ક કમાણી નર તણી,"આત્મજ્ઞાન" બસ એક;
સંત-શરણથી સાંપડે, જાગે દિવ્ય વિવેક.
**'મા**રું' 'હું' 'મમત્વ' આ, સર્વ દુઃખનું મૂળ;
"તારું" "તું" માં રાચતાં, ટળે દ્વૈતનું શૂળ.
**રા**ખી દૃઢ વિશ્વાસ હા ! સદ્ગુરુ-ચરણે એમ;
શ્રદ્ધા ને સેવા થકી, ફળશે સઘળી નેમ.
**લા**જ રાખશે બાપજી ! પ્રયત્ન મારો જાણ;
લખાવનારો એ પછી શાને ચિંતા માન ?
**ખ**ન્ત ધરી આવતાં કદી, નારેશ્વરથી એમ;
સૂરત કેરા ભક્ત બે, બસમાં મળતા તેમ.
**પ્ર**ણામ કરીને બોલિયા, શ્રી ગુરુદેવ દત્ત !
લખો ગોવિન્દભાઈ તમે, રંગલીલામૃત ઝટ!
**ણા**મે ત્ર્યંબક જોષી ને, ડૉક્ટર મીસ્ત્રી જાણ;
આગ્રહ ભારે જો કર્યો, હતી હૃદયની વાણ !
**મ**હિમા ગાતું રંગનું, લખો લીલામૃત એમ;
છાપવાનું તો થઈ રહે, આગળ ઉપર તેમ.
**જે**મ જેમ લખાતું ગયું, ઉત્સાહ વધતો જાય;
મુદ્રણ માટે દાનનો પ્રવાહ વહેતો થાય !
**ની**તિ દૃષ્ટિ સમક્ષ જો રાખી રંગની જાણ;
કીધો પૂરો ગ્રંથ ને બેઠો જોડી પાણ !
**શુ**ભાંરભ છાપવાતણો, મનમાં કીધો જ્યાંય;
ત્યાં તો મારી ચિંત સૌ ટાળી દે ગુરુરાય !
**ભ**ક્ત ભાવનાશીલ બે મળી ગયા તે વાર;
પ્રાધ્યાપક વિદ્વાન ને જાણે સૌ પરિવાર.
**આ**જીવન અવધૂતના સાહિત્યે રમમાણ;
જોષી ધીરુભાઈ એક, છાપકામના પ્રાણ.
**શિ**ષ્ય કેરા લાડીલા, બીજા દવે સુભાષ;
સરળ શાંત સુધીર ને કર્મનિષ્ઠ જે ખાસ.
**ષ**ડ્બાહુ શ્રીદત્તના, બન્ને ભક્ત અપાર;
શી રીતે દર્શાવું રે ! બન્નેનો આભાર ?
**થી**જે મારું ગાત્ર હા ! કૃતજ્ઞતાથી એમ;
બન્ને બંધુઓતણો, હું ઋણી છું તેમ.
**સ**દ્ગુરુ કૃપાના પાત્ર શ્રી જયંતીલાલ આચાર્ય;
પ્રમુખ, પ્રકાશન ટ્રસ્ટના, ધન્ય! ધર્યું ઔદાર્ય.
**ફ**ળ રૂપે ઔદાર્યના, કર્યો પ્રકાશિત ગ્રંથ;
વન્દનીય એ વડીલનું ઋણ રહ્યું અકબંધ.
**લ**ક્ષ્ય જેહનું બ્રહ્મમાં, રહે મસ્ત સદાય;
રાષ્ટ્રિય સંત મહાન જે, ધન્ય વરદ વરકાય !
**થ**યા પ્રસન્ન પ્રસૂન સમ, "બાળક" પર આ વાર;
વિશ્વનાથ અવધૂતજી વંદું વારંવાર.
**યાં**ચા કરતાં, ધન્ય ! હા ! વાંચી ગ્રંથ સાદ્યંત;
અંતર આશીર્વાદ હા ! લખી મોકલે સંત !"
**સૌ**જન્યે મૂર્ધન્યતા ! માને ગજાનન દેવ;
અવધૂતનિરત એ કરે, ભારત-સંસ્કૃતિ સેવ !
**કા**લું ઘેલું બોબડું, બોલ્યો બાલક જાણ;
માની વધાવે હર્ષથી, સૌ પોતાનો માન.
**મ**ન મૂકી એ સર્વનો, માનું છું આભાર;
અરપું સદ્ગુરુ-ચરણમાં સૌ સેવાનો ભાર.
**શ્રી**રંગ ઓફસેટ પ્રેસમાં, રમેશ પવારે એમ;
ભાવે અંગત રસ લઈ, છાપ્યું સઘળું તેમ.
**ગુ**રુભક્તિ જે એમની, વાધો ઉત્તરોત્તર;
શ્રીરંગલીલામૃત મિષે મિલન થયું શુભકર !
**રુ**કમાકેરો રંગ તો, રેવા તટ વસનાર;
પાવન બંને માતની, વરસે આશિષધાર !
**દે**વ પધાર્યા દત્ત જો, ગુર્જર દેશે જાણ;
ભક્તિ કરતા શિષ્ય થઈ, વાસુદેવના માન
**વ**હેતી જાએ પરંપરા, દત્તભક્તિની ત્યાંય;
સગુણ નિર્ગુણ ઉભય જો સાધક સાધે આંહ્ય !
**દ**ત્ત ને પરબ્રહ્મમાં માને ના કો ભેદ;
લીલા કરતા અવનવી હરતા સૌનો ખેદ.
**એ**ની લીલા વર્ણવી, એણે પ્રેરી જેહ;
રંગચરણરજ બાળ જો અરપે ચરણે દેહ !
**આ**માં મારું કંઈ નથી, સઘળું એનું જાણ;
વિનમ્ર ભાવે વંદતો, રંગ-ચરણ મુજ પ્રાણ !

**પોર, ૧૦-૮-૯૪** **શ્રી રંગચરણરજ**

**ગોવિન્દ ઉપાધ્યાય**

# શ્રી રંગલીલામૃત પ્રશસ્તિ

શ્રી રંગનો રંગ હતો અનેરો.
સત્સંગ એનો ભવતારનારો;
ઈચ્છે યદા એ બધું જાણવા તું,
શ્રીરંગલીલામૃત વાંચજે તું. ૧

લીલાતણાં વર્ણન માત્ર કીધાં,
સૌ શબ્દ વાક્યો રસપૂર્ણ સીધાં,
છે કાવ્ય ભકિતરસનું મઝાનું
શ્રીરંગલીલામૃત વાંચજે તું. ૨

વ્હેતી કૃપા રંગતણી જ કેવી !
વાણી વહે નાર્મદવારિ જેવી !
ભાવોર્મિથી આંખ પલાળવા તું
શ્રીરંગલીલામૃત વાંચજે તું. ૩

ભર્યાં પડ્યાં ઠામ કઠામ એવાં !
શ્રી રંગનાં વર્ણન ચિત્ર જેવાં !
પદે પદે 'વાહ' કહીશ ત્યાં તું
શ્રીરંગ લીલામૃત વાંચજે તું. ૪

અનેક રંગો ગુરુના સુદિવ્ય,
રહસ્યથી પૂર્ણ કહ્યા અગણ્ય.
પીતાં થવા જો ગદગદ્ ચહે તું
શ્રીરંગલીલામૃત વાંચજે તું. ૫

શ્રી રંગના ત્યાગ તથા તિતિક્ષા,
આચારવાળી અવધૂત કક્ષા;
સત્તાત્ત્વ જે હાસ્યરસે લસંતું,
શ્રીરંગલીલામૃત વાંચજે તું. ૬

દષ્ટાંત સદ્ભકિત વધારનારાં,
સિદ્ધાંત શ્રદ્ધાબળ આપનારા;
પુરાણ જૂઓ નવલું દિસંતું
શ્રીરંગલીલામૃત વાંચજે તું. ૭

ગાએ બની બાળક એ સુભાગી,
નાની વયે રંગગુણાનુરાગી,
ગોવિન્દ ગાતો હરિ - રંગ - ગૂંથ્યું
શ્રીરંગલીલામૃત વાંચજે તું. ૮

– ‡y»§Ç$ ¬zÊy

# આરતી શ્રીરંગલીલામૃતની

જય જય ગ્રંથગુરો, ગુરુ જય જય ગ્રંથગુરો !
રંગલીલામૃત કેરી, આરતી સૌ ગાઓ ! ટેક

વિઠ્ઠલ રુકમા આવ્યાં, ગોધરામાં વસિયાં (૨) ગુરુ
જન્મતણી છે લીલા (૨) સાદા શબ્દે જ્યાં ! જય૦ ૧

રુકમામ્બાએ પોષ્યા, બાળક મેધાવી (૨) ગુરુ
આશિષ ટેમ્બે દેતા (૨) નિજનો બાળ ગણી ! જય૦ ૨

વિદ્યાર્થીના વ્હાલા, વિભુવર દિલ વસિયા (૨) ગુરુ
ભારતમાને કાજે (૨) સેવા-સાજ સજ્યા ! જય૦ ૩

'પોથી' નિયમે વાંચી, દત્ત પુરાણ લહ્યું (૨) ગુરુ
નારેશ્વરનું જંગલ (૨) મંગલ તીર્થ થયું ! જય૦ ૪

દત્ત દિંગબર રંગ, ભકિત થકી પૂરિયા (૨) ગુરુ
ત્યાગ તિતિક્ષા સાચાં (૨) અંતર નિજ ભરિયાં ! જય૦ ૫

લીલા અદ્ભુત કીધી, યશ ગુરુનો ગણિયો (૨) ગુરુ
નતજનતારક થઈને (૨) સાક્ષી મૌન રહ્યો ! જય૦ ૬

સેવા-શિબિરો કીધી, ઉત્સવ યજ્ઞ કર્યા (૨) ગુરુ
વાણી વર્તન વાકયે (૨) નિત્યે એક રહ્યા ! જય૦ ૭

ગોવિન્દે ગુરુ-ગાથા, ગાઈ રંગ લહી (૨) ગુરુ
રમ્ય, રુચિર ને રસમય (૨) કલમ કમાલ વહી ! જય૦ ૮

શ્રીગુરુગ્રંથની આરતી, જે ભાવે ગાશે (૨) ગુરુ
ગુરુ કરુણાથી તેનાં (૨) કાર્યો હરિ કરશે ! જય૦ ૯

તા. ૫-૪-૯૫ - ધીરુભાઈ જોષી



# અનુક્રમણિકા


| અ.નં. | વિષય | પાન નં. |
|---|---|---|
| ❑ | નિવેદન | I |
| ❑ | આશીર્વાદ | III |
| ❑ | ઉપોદ્ઘાત | V |
| ❑ | શ્રી રંગલીલામૃતની પ્રશસ્તિ | VII |
| ❑ | આરતી શ્રી રંગલીલામૃતની | VIII |
| ❑ | અનુક્રમણિકા | IX |
| ❑ | અકારાદિ શબ્દકોષ | XI |
| ૧. | કથા ઉપક્રમ શ્રી વિઠ્ઠલ રુકિમણીનું દેવળેથી ગોધરા ગમન | ૧ |
| ૨. | કાલિકામાહાત્મ્ય-પાવાગઢની ઉત્પત્તિ | ૫ |
| ૩. | પૂ. શ્રી તથા શ્રી નારાયણભાઈનો જન્મ, મૃત્યુ વિષે સંવાદ | ૯ |
| ૪. | વિઠ્ઠલપંતનું સ્વધામગમન અને બાળકોના ઉપનયન-સંસ્કાર | ૧૪ |
| ૫. | વાડીમાં ગુરુમિલન-બાળલીલા | ૧૮ |
| ૬. | પોથીની પ્રાપ્તિ-બંસીનો પ્રસંગ | ૨૩ |
| ૭. | યજ્ઞની નિષ્ઠા-કલેકટરની સાથે હિન્દુત્વનું ગૌરવ આદિ | ૨૮ |
| ૮. | આત્મવિશ્વાસ-પ્રભુ કૃપાના પ્રસંગ | ૩૩ |
| ૯. | વિદ્યાર્થીનેતા તરીકે-દેશભક્તિ | ૩૮ |
| ૧૦. | શિક્ષકલીલા વર્ણન | ૪૨ |
| ૧૧. | સાધનકાળ-દારુપીકેટીંગાદિ | ૪૮ |
| ૧૨. | દત્તપુરાણ પ્રાપ્તિ | ૫૩ |
| ૧૩. | પૂર્વાશ્રમ પ્રવૃત્તિ | ૫૯ |
| ૧૪. | માંદગી-ગૃહત્યાગનો નિર્ણય | ૬૪ |
| ૧૫. | મહાભિનિષ્ક્રમણ | ૬૯ |
| ૧૬. | ધૂનિવાલાદાદાનું ઉપાખ્યાન | ૭૪ |
| ૧૭. | શ્રીચંદ્રશેખરાનંદ મિલન | ૭૯ |
| ૧૮. | નારેશ્વરસ્થલદર્શન | ૮૫ |
| ૧૯. | નારેશ્વરમાહાત્મ્ય આદિ | ૯૦ |
| ૨૦. | નારેશ્વર નિવાસ | ૯૫ |
| ૨૧. | નારેશ્વરસ્થાનવર્ણન | ૧૦૦ |
| ૨૨. | અવધૂતદિનચર્યાવર્ણન | ૧૦૫ |
| ૨૩. | લોકબાધાવર્ણન | ૧૧૧ |
| ૨૪. | નારેશ્વર સ્થાનની ભીષણતા | ૧૧૫ |
| ૨૫. | લોકઘડતર, ચણાનું સદાવ્રત, મોરારનો દિવ્ય અનુભવ | ૧૨૧ |
| ૨૬. | હરગોવિન્દદાસ (દાસકાકા) અને તેમના કુટુંબ પરના અનુગ્રહો | ૧૨૭ |
| ૨૭. | શ્રી યોગાનંદસરસ્વતી (ગાંડા મહારાજ) મિલન | ૧૩૨ |
| ૨૮. | રેવાપરિક્રમા આરંભ | ૧૩૭ |
| ૨૯. | રોટી પ્રસાદ અને અન્ય પ્રસંગો | ૧૪૨ |
| ૩૦. | ખેમસીંગ ગર્વહરણ | ૧૪૮ |
| ૩૧. | સાધુઓનો સંગ-શ્રી વ્યાસ દર્શન | ૧૫૩ |
| ૩૨. | તંબુરિયા ભગત-પરિક્રમા સમાપ્તિ | ૧૫૮ |

| | | |
|---|---|---|
| ૩૩. | ૐકારેશ્વર માહાત્મ્ય-અવધૂત નિયમ | ૧૬૫ |
| ૩૪. | શ્રી ગુરુલીલામૃત વગેરે ગ્રંથોની રચના | ૧૭૩ |
| ૩૫. | દિવેરગામની લીલા-પ્રદક્ષિણાનું મહત્વ | ૧૭૯ |
| ૩૬. | દત્તજયંતી ઉત્સવ વર્ણનાદિ | ૧૮૬ |
| ૩૭. | અતિથિગૃહનિર્માણ-ગંગાની ભક્તિ | ૧૯૩ |
| ૩૮. | વંધ્યાભેંસ દૂઝવી-નારાયણભાઈનો સ્વર્ગવાસ | ૧૯૯ |
| ૩૯. | માતૃમાહાત્મ્ય | ૨૦૫ |
| ૪૦. | માતા-પુત્રનો પરસ્પર સ્નેહ | ૨૧૧ |
| ૪૧. | યવનભક્તરક્ષણ | ૨૧૭ |
| ૪૨. | શ્રીફળનું તૂટવું, પીઠના દર્દનું નિવારણ | ૨૨૩ |
| ૪૩. | શ્રી રંગજયંતી ઉત્સવારંભ કથા, રસોળીદર્દ નિવારણ | ૨૩૦ |
| ૪૪. | અત્તરલીલા, ગુપ્ત રોગ નિવારણ લીલા, મલિન સત્વ દૂરીકરણ લીલાદિ | ૨૩૮ |
| ૪૫. | બળિયાદેવ માહાત્મ્ય | ૨૪૪ |
| ૪૬. | મુસ્લીમ બાઈની રોગમુક્તિ તથા દાજીભગતનું દુઃખહરણ | ૨૫૦ |
| ૪૭. | બેચરદાસનું કેન્સરહરણ | ૨૫૯ |
| ૪૮. | કામધેનુનું રહસ્ય તથા ઈચ્છા-શક્તિનું સામર્થ્ય | ૨૬૫ |
| ૪૯. | વાસંતીબેનને મંત્રદીક્ષા, સોખડાના માસ્તરના અપમૃત્યુનું નિવારણ, ૧૬ આવર્તનનું રહસ્ય | ૨૭૨ |
| ૫૦. | પાદરાની રંગજયંતીનું વર્ણન | ૨૭૯ |
| ૫૧. | શ્રી હાંફેશ્વર માહાત્મ્ય અને ત્યાંની લીલા | ૨૮૫ |
| ૫૨. | માતૃભક્તિ નિરૂપણ | ૨૯૩ |
| ૫૩. | વણખૂંટામાં તેલ-લીલા, નર્મદામાતાની ઋણ મુક્તિ-અરણ્યેશ્વર લીલા | ૨૯૮ |
| ૫૪. | શ્રી રંગ વિચારધારા સ્પષ્ટીકરણ | ૩૦૫ |
| ૫૫. | દીનદયાલ અવધૂત, યવનવેષે અવધૂત | ૩૧૦ |
| ૫૬. | શ્વાન ભક્ત બુચિયો, અવધૂતની સમદર્શિતા | ૩૧૬ |
| ૫૭. | ગરબાડા, વડોદરા, ડાકોરની રંગજ્યંતી | ૩૨૦ |
| ૫૮. | દ્વારકા, કણભા રંગજ્યંતી, પ્રેમજીભાઈ દરજીની વાત | ૩૨૮ |
| ૫૯. | ગરોળી, ભક્તનું ઘર અને ઈન્દ્રવદન શાહનાં દષ્ટાંતો | ૩૩૪ |
| ૬૦. | પોરની કુટિર, ચીમનલાલનો બચાવ | ૩૪૧ |
| ૬૧. | વિવિધરૂપધારણલીલા તથા ધૂળાભાઈની વાત | ૩૪૮ |
| ૬૨. | અવધૂત સારલ્ય વર્ણન | ૩૫૫ |
| ૬૩. | જ્વરાદિદ્વન્દ્વસહન | ૩૬૨ |
| ૬૪. | નૂતનગુફાપ્રવેશ | ૩૬૯ |
| ૬૫. | ભક્તબાલોદ્ધરણ | ૩૭૫ |
| ૬૬. | શ્રી બાપુરાવદેવ તથા વિઠ્ઠલભાઈને ઘરે પુત્રજન્મ | ૩૮૦ |
| ૬૭. | શ્રી ચિંતામણિપ્રસાદ દુઃખનિવારણ | ૩૮૬ |
| ૬૮. | દાદુભગત, કાયમભગત દુઃખનિવારણ, ધીરુભાઈને મરાઠીભાષાજ્ઞાન તથા ઈન્દુબેનને પુત્ર પ્રાપ્તિ | ૩૯૩ |
| ૬૯. | પાદુકાપૂજનારંભ, માજીનિમિત્તે પુનઃ પાદુકાપૂજન, માતૃમંદિરનિર્માણ અને રુકમામ્બા નિર્વાણ | ૪૦૧ |
| ૭૦. | દેશ-વિદેશ વિચરણ | ૪૧૦ |
| ૭૧. | મહાનિર્વાણ | ૪૧૮ |
| ૭૨. | સર્વાધ્યાય સાર | ૪૨૭ |

**સપ્તાહ - પારાયણ - ક્રમ**

**પ્રથમ-૧૩, દ્વિતીય-૨૫, તૃતીય-૩૬, ચતુર્થ-૪૪, પંચમ-૫૪, છઠ્ઠે-૬૪, સપ્તમ-૭૨.**

# અકારાદિ શબ્દકોષ

| | પૃ/અ/દો | અઘરા શબ્દો | શબ્દોના અર્થ |
|---|---|---|---|
| ૧. | ૧૧૫-૨૧-૩૬ | અજવાળી બહુપેર | સારી રીતે સાફ કરી. |
| ૨. | ૧૫૯-૨૮-૭૯ | અદનો, | રાંક, મામુલી. |
| ૩. | ૩૪૮-૫૩-૨૬ | અદકું | અધિક, વધારે |
| ૪. | ૨૮૭-૪૫-૧૫૭ | અદબદ | સંશયયુક્ત, અચોસ |
| ૫. | ૪૧૪-૬૧-૧૮૬ | અદબ | વિવેક, મર્યાદા. |
| ૬. | ૫૬-૧૧-૩૬ | અદ્દલ | ના જેવું, બરાબર. |
| ૭. | ૪૮-૧૦-૫ | અદ્ય | આજે. |
| ૮. | ૮૪-૧૬-૧૭ | અન્વર્થ | યથાર્થ |
| ૯. | ૧૮૩-૩૨-૮૯ | અફાળતો | પછાડતો |
| ૧૦. | ૧૫૯-૨૮-૫૨ | અમર્ષ | ક્રોધ, અદેખાઈ. |
| ૧૧. | ૩૭૩-૫૬-૧૨૭ | આથર | પાથરણું, મોદ |
| ૧૨. | ૩૧૫-૪૮-૨૧૮ | આળપંપાળ | પટામણું,મિથ્યા આશ્વાસન |
| ૧૩. | ૧૭૭-૩૧-૬૮ | આહ્નિક | નિત્યકર્મ |
| ૧૪. | ૧૬૩-૨૯-૨ | આંબવા | પહોંચવા |
| ૧૫. | ૪૫-૯-૬૭ | ઉત્થાન | ઉદય; ઊઠવું તે. |
| ૧૬. | ૧૭૪-૩૦-૧૫૦ | કદન્ન | હલકું અનાજ |
| ૧૭. | ૩૩૬-૫૧-૧૩૦ | કરાડ | ખડક, ભેખડ, ભીષણ |
| ૧૮. | ૧૨૭-૨૩-૪૬ | કિમિયો | ઈલમ, (સહેલાઈથી દ્રવ્ય મળે એવો) |
| ૧૯. | ૩૩૮-૫૧-૧૯૦ | કોટ્યું | હોડકું (નાની હોડી) |
| ૨૦. | ૩૬૭-૫૫-૧૬૨ | ખિદમદગાર | સેવા, ચાકરી કરનાર |
| ૨૧. | ૨૭૨-૪૩-૨૧૪ | ગર્દ | ધૂળ, રજકણ. |
| ૨૨. | ૧૫૨-૨૭-૨૨ | ગરિયસી | ગૌરવશાળી, મહાન |
| ૨૩. | ૧૭૨-૩૨-૧૦૨ | ગુંદરીયો | ચોંટણ વૃત્તિવાળો, |
| ૨૪. | ૧૪૦-૨૫-૪૭ | ગેંજી-પેંજી | સાધારણ, લબાડ, |
| ૨૫. | ૧૨૧-૨૨-૨૭ | ગોકીરો | ઘોંઘાટ |
| ૨૬. | ૧૫૯-૨૮-૬૨ | ઘાડવું | માટલું |
| ૨૭. | ૪૩૩-૬૪-૩૪ | ચમરબંધી | શૂરવીર, સત્તાધીશ |
| ૨૮. | ૫૫-૧૧-૨૨ | છાટકી | નશાવાળી |
| ૨૯. | ૧૨૨-૨૨-૪૫ | જઘન્ય | હલકું |
| ૩૦. | ૨૨૦-૩૬-૨૩૩ | જંગલિયા | (જંગલ જવાનાં) ડબલાં |
| ૩૧. | ૧૦૪-૧૯-૪૬ | જિંગોળીયો | પશુના શરીર બાઝેલ જીવડું, બગાઈ |
| ૩૨. | ૨૯૭-૪૬-૨૨૧ | ઠસ્સો | ભભકો, રોફ, |
| ૩૩. | ૪૧૧-૬૧-૮૩ | ડાગળી | મગજ, સમજ શક્તિ |
| ૩૪. | ૩૮૩-૫૮-૧૭ | ડિમ | નગારૂં |
| ૩૫. | ૯૫-૧૭-૧૩૬ | તમોધ્વાંત | અંધારૂં, અજ્ઞાન, |
| ૩૬. | ૨૮૦-૪૪-૧૭૬ | તાછીને | સારાંસારાં વીણીને |
| ૩૭. | ૩૩૮-૫૧-૧૯૪ | તામડી | (પાણી કે દૂધ ભરવાનું) વાસણ |
| ૩૮. | ૧૧૮-૨૧-૧૧૪ | તંત | ચર્ચા, મમત, જીદ |
| ૩૯. | ૫૬-૧૧-૪૦ | તોછડી | અસભ્ય, ઉદ્ધત |
| ૪૦. | ૧૪૮-૨૬-૯૮ | ત્રાણ | શરણ, રક્ષણ |
| ૪૧. | ૧૭૬-૩૧-૪૬ | દત્ત વિભુસમ | દત્તાત્રેય ભગવાનની માફક (એકદમ પ્રગટેલ) |
| ૪૨. | ૭૬-૧૪-૧૭ | દક્ષનયન | જમણી આંખ |
| ૪૩. | ૧૭૯-૩૧-૧૨૪ | દશમી | ભાખરી (દૂધની) |
| ૪૪. | ૫૨-૧૦-૧૧૫ | દ્રાક્ | તુરંત, એકદમ |
| ૪૫. | ૪૦૭-૬૦-૨૪૩ | દૂરીકૃતન-તભાર | ભક્તોના ભારને દૂર કરનાર |
| ૪૬. | ૩૧૧-૪૮-૮૧ | ધાબડો | કામળો. |
| ૪૭. | ૪૫-૯-૬૭ | 'નાહં દેહ;' | હું દેહ નથી |
| ૪૮. | ૧૪૨-૨૫-૧૨૮ | નિતાંત | ખૂબ, અતિશય. |
| ૪૯. | ૧૨૪-૨૨-૧૨૬ | નિયતિ | ભાગ્ય, નિયમ |
| ૫૦. | ૧૦૧-૧૮-૧૪૬ | નિશાચર | રાત્રે ફરનારા પક્ષી ઘૂવડ, ભૂતાદિ. |
| ૫૧. | ૮૩-૧૫-૧૫૪ | નિશ્રામાં | નેજા હેઠળ. |
| ૫૨. | ૨૬૧-૪૨-૧૧૩ | પખાડ્યા | ધોયા |

| | પૃ/અ/દો | અઘરા શબ્દો | શબ્દોના અર્થ |
|---|---|---|---|
| ૫૩. | ૧૮૦-૩૨-૩ | પમરાટ | સુગંધ |
| ૫૪. | ૧૫૬-૨૭-૧૪૩ | પરાળ | ઘાસ (ડાંગરનું) |
| ૫૫. | ૪૧૩-૬૧-૧૫૧ | પંથક | રસ્તો. |
| ૫૬. | ૧૮૫-૩૨-૧૪૦ | પ્રપાત | ધોધ |
| ૫૭. | ૪૪૫-૯-૭૪ | પ્રાકૃત ગ્રંથ | (સંસ્કૃત સિવાયની) ભાષાનો ગ્રંથ |
| ૫૮. | ૩૫૫-૫૩-૨૩૨ | ફેડવા | દૂર કરવું |
| ૫૯. | ૨૭૦-૪૩-૧૫૬ | બહુપેર | ખૂબ, વિવિધ રીતે |
| ૬૦. | ૫૪-૧૦-૧૭૫ | બૂજ | સમજ, કદર. |
| ૬૧. | ૨૧૦-૩૫-૧૭૧ | બેવ | બંને |
| ૬૨. | ૪૭૯-૬૯-૨૩૨ | બંબોળ | (જળથી) ભીંજાએલી |
| ૬૩. | ૪૬૭-૬૮-૧૭૮ | બુંગિઓફૂંકવો | ઢોલ પીટી જાણ કરવી. |
| ૬૪. | ૨૫૧-૪૧-૨૩ | મજુષ | પેટી. |
| ૬૫. | ૭૧-૧૩-૧૪૬ | મહાત કરવો | હરાવવો |
| ૬૬. | ૨૭૩-૪૩-૨૬૨ | માંસ ગભાયેલ | ઢીલું થયેલું માંસ |
| ૬૭. | ૧૪૭-૨૬-૭૮ | મોંવાળા | રૂંવાડા |
| ૬૮. | ૪૪-૯-૪૦ | વરકાય | ઉત્તમ કાયાવાળા |
| ૬૯. | ૧૧૦-૨૦-૪૬ | વરતણિયો | નોકર, સંદેશ વાહક. |
| ૭૦. | ૫૫-૧૧-૨૯ | વરવો વેશ | બેડોળ વેશ. |
| ૭૧. | ૧૭૪-૩૦-૧૫૨ | વાજ | ત્રાસવું, તોબા |
| ૭૨. | ૪૩-૯-૭ | વીંઝતો | (હવામાં જોરથી) ઘુમાવતો |
| ૭૩. | ૪૮૦-૬૯-૨૫૮ | વ્યષ્ટિ | વ્યક્તિ, (સમાષ્ટિથી વિરુદ્ધ) |
| ૭૪. | ૧૦૧-૧૮-૧૩૮ | વ્યાલ | સાપ, વાઘ |
| ૭૫. | ૨૬૭-૪૩-૫૨ | વ્હેલ | ગાડું (માફો, ઢાંકેલું ગાડું) |
| ૭૬. | ૨૧-૨૨-૧૮ | શર સંધાન | (બાણનું) મનનું અનુસંધાન |
| ૭૭. | ૬૧-૧૨-૩૭ | શ્રૃંગ | શિખર |
| ૭૮. | ૪૮-૧૦-૫ | સદ્ય | તરત, જલદી. |
| ૭૯. | ૧૧૬-૨૧-૬૪ | સરવા લાગ્યા | વહેવા, (વીતવા) લાગ્યા |
| ૮૦. | ૪૩૬-૬૪-૧૦૫ | સાથરે | સાદડી. |
| ૮૧. | ૪૭૯-૬૯-૨૨૪ | સાબોળ સ્નાન | માથું પલાળીને સ્નાન |
| ૮૨. | ૬૪-૧૨-૧૧૧ | સારસ્વત | અતિશય વિદ્વાન |
| ૮૩. | ૫૭-૧૧-૭૬ | સુપેર | સારી રીતે |
| ૮૪. | ૪૭-૯-૧૨૫ | સેનાની | (લશ્કરનો) વડો |
| ૮૫. | ૪૫-૯-૬૩ | સોપાન | પગથિયું. |
| ૮૬. | ૧૩૯-૨૫-૨૫ | સોયતું | ચકમકના ઝરતા અગ્નિને ઝીલવાનું રૂ |
| ૮૭. | ૬૧-૧૨-૪૦ | સોયણે | સ્વપ્ન |
| ૮૮. | ૪૫-૯-૮૧ | સોંસરી | આરપાર, સોંસરવી |
| ૮૯. | ૨૪૩-૪૦-૬૨ | સોળું | ધોઈને અલગ રાખેલું, અબોટીયું. |
| ૯૦. | ૨૮૭-૪૫-૧૬૭ | સંનદ્ધ | સુસજ્જ |
| ૯૧. | ૪૩-૯-૨૧ | હાકેમ | સુબો, અમલદાર |
| ૯૨. | ૧૯૬-૩૩-૨૨૫ | હાઉ | ભય. |
| ૯૩. | ૪૦૨-૬૦-૯૮ | હાવે | હમણાં |
| ૯૪. | ૮૦-૧૫-૫૬ | હાવાં | હમણાં |
| ૯૫. | ૧૧૮-૨૧-૧૧૪ | હંત | (આશ્ચર્યનો ઉદ્ગાર) |
| ૯૬. | ૪૩૨-૪૦-૭ | હાંજા(ગગડે) | હિંમત હારવી |
| ૯૭. | ૪૨૦-૬૨-૧૧૭ | હ્રાસ | અલ્પતા, ક્ષય. |



☆ શબ્દાર્થ મૂકવાના સૂચન માટે પૂ. પ્રેમ અવધૂતજીના આભારી છીએ ☆